રાજય પરીક્ષા બોર્ડ દ્વારા મદદનીશ શિક્ષણ નિરીક્ષક તથા મદદનીશ શિક્ષક અને પંચાયત સંવર્ગના જિલ્લા શિક્ષણ નિરીક્ષક, વિસ્તરણ અધિકારી (શિક્ષણ) અને કેળવણી નિરીક્ષક વર્ગ-3ની ખાતાકીય પરીક્ષા તથા બિન શૈક્ષણિક કર્મચારીઓની જુનિયર કલાર્ક માટેની લોઅર લેવલ અને સિનિયર કલાર્ક માટેની હાયર લેવલની ખાતાકીય પરીક્ષાઓ તારીખ-30 નવેમ્બર અને ૦૧ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ લેવાનું આયોજન કરવામાં આવેલ હતું.

પરંતુ સરકારશ્રીના ખાતાકીય પરીક્ષાના શિક્ષણ વિભાગના તા.૩૧/૦૮/૨૦૨૧ના ઠરાવમાં પત્ર ક્રમાંક ED/0177/2024, DATE-11/11/2024 થી સુધારો કરવામાં આવતા નવા કર્મચારીઓ માટે ફોર્મ ભરાવવાની તારીખ લંબાવતા આ કર્મચારીઓને પણ તૈયારી માટે પૂરતો સમય મળી રહે તે માટે આ પરીક્ષાની તારીખ-30 નવેમ્બર અને ૦૧ ડીસેમ્બર ૨૦૨૪માં ફેરફાર કરવામાં આવે છે.

આ પરીક્ષાઓની નવી તારીખ  રાજય પરીક્ષા બોર્ડની વેબસાઈટ www.sebexam.org પર હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. જેની તમામ સંબંધિતોએ નોધ લેવી.